માટે આકર્ષણનું કેન્દ્ર હતું. પૂજ્યશ્રી કોઈ પણ મહત્ત્વાકાંક્ષા કે અપેક્ષાથી હંમેશાં પર રહેતા. પરિણામે પૂજ્યશ્રીના વરદ હસ્તે વિવિધ શાસનપ્રભાવના હોંશે હોંશે થતી. પૂજ્યશ્રી શિલ્પવિદ્યામાં પણ પારંગત હતા. મહેસાણામાં શ્રી સીમંધર સ્વામિનું તીર્થ આજે ભારતભરમાં અજોડ સ્મારક સમું ઊભું છે તે તેઓશ્રીની દૃષ્ટિનું પરિણામ છે.

પૂજ્યશ્રીએ ૪૭ વર્ષના સુદીર્ઘ સંયમપર્યાયમાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, બિહાર, બંગાળ, મહારાષ્ટ્ર આદિ પ્રાંતોમાં વિહાર કરીને ધર્મપ્રવૃત્તિઓ ધમધમતી રાખવા અને માનવ-જીવનની ધર્મજ્યોત ઉજ્જ્વળ રાખવા માટે સતત પ્રયત્નો કર્યા. સં. ૨૦૪૧માં અંકુર સોસાયટી, અમદાવાદમાં જેઠ સુદ બીજને દિવસે કાયોત્સર્ગ ધ્યાનમાં પૂજ્યશ્રીની જીવનયાત્રા સમાપ્ત થઈ. ૧૫ કિલોમીટરની લાંબી સ્મશાનયાત્રા પછી પૂજ્યશ્રીના પાર્થિવ દેહને 'શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર'–કોબા (ગાંધીનગર)ના પ્રાંગણમાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. તે સમયે ઊમટેલો માનવમહેરામણ પૂજ્યશ્રીની લોકપ્રિયતાનો સાક્ષી બની રહ્યો. મૃત્યુની પૂર્વરાત્રિએ પૂજ્યશ્રીએ કહ્યું હતું કે, હું મૃત્યુ પ્રાપ્ત કરીને શ્રી સીમંધરસ્વામી ભગવાન પાસે મહાવિદેહમાં જઈને, પરમાત્માના ચરણોમાં, સંયમ અંગીકાર કરવા માગું છું. મને જીવવાનો મોહ નથી, મરવાનો ડર નથી. પૂજ્યશ્રીના શબ્દોમાં સત્ય હોય તેમ કાયોત્સર્ગ ધ્યાનમાં સ્વર્ગગમન કર્યું! આમ, પૂજ્યશ્રી સાચા અર્થમાં નિઃસ્પૃહી આચાર્યભગવંત હતા. જ્ઞાન અને તપમાં અદ્વિતીય હોવા છતાં વિનમ્ર હતા. 'આતમજ્ઞાની શ્રમણ કહાવે' નામથી પૂજ્યશ્રીનું જીવનકવન જાણીતા સાહિત્યકાર શ્રી કુમારપાળ દેસાઈની કસાયેલી કલમે લખાયું છે. એવા મહાન જ્યોતિર્ધર સૂરિપુંગવ પૂજ્યપાદ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજનાં ચરણકમળોમાં કોટિશઃ વંદના!

(સંકલન : પૂ. પંન્યાસ શ્રી ધરણેન્દ્રસાગરજી મહારાજ)

---

### વર્તમાન સમુદાયનાયક અને પરમ શાસનપ્રભાવક

## પૂ. આચાર્યશ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મહારાજ

પાલનપુર પાસે બનાસ નદીના કિનારે શ્રી આદિનાથ ભગવાન અને શ્રી મહાવીર ભગવાનનાં બે બે વિશાળ અને સુરમ્ય, ભવ્ય અને ઉત્તુંગ જિનાલયો, અનેક પૌષધશાળાઓ, ઉપાશ્રયો, આયંબિલશાળાઓ, ગુરુમંદિરો અને કીર્તિસ્તંભોથી શોભતા જૂના ડીસા શહેરમાં પૂજ્યશ્રીનો જન્મ થયો હતો. પિતાનું નામ ચુનીલાલ છગનલાલ મહેતા અને માતાનું નામ જમનાબહેન હતું. તેઓને ઘેર સં. ૧૯૭૯ના માગશર વદ ૧૦ને દિવસે એક પુત્રરત્નનો જન્મ થયો. પુત્રનું નામ રાખ્યું વર્ધિચંદ. માતાના ધાર્મિક સંસ્કારો પુત્રમાં ઊતર્યા. પૂર્વ જન્મના પુણ્યોદયે માનવજીવન અને તેમાં પણ જૈન ધર્મના પાયારૂપ આધ્યાત્મિક પ્રગતિનું પ્રથમ સોપાન પ્રાપ્ત થયું. એમાં માતા–પિતાના અને કુટુંબના સંસ્કારો પ્રાપ્ત થયા. જાણે સોનામાં સુગંધ ભળી! ભૌતિક પ્રગતિ કરતાં આધ્યાત્મિક પ્રગતિ સાચી અને શાશ્વત છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ધિચંદે અંગ્રેજી પાંચ ધોરણ સુધી વ્યાવહારિક શિક્ષણ પ્રાપ્ત કર્યું. એવામાં એક અસાધારણ ઘટના બની, અને તેમનું મન એકાએક ચેતનામય બની ગયું. સંસારની અસારતા સમજાઈ. અનેક વિપત્તિઓ આવી, સંકટો ઊભાં થયાં, પરંતુ આત્મા ડગ્યો નહીં. ઊલટું, વધુ ને વધુ હિંમત અને શક્તિ દાખવવા માંડ્યો. સં. ૧૯૯૮ના ફાગણ સુદ ૩ને દિવસે મુમુક્ષુ વિનીત વર્ધિચંદે મોઢેરા ગામની બહાર સૂર્યમંદિરમાં સ્વયં સાધુનો વેશ ધારણ કર્યો. અઠ્ઠમ તપ હતો અને વિહાર કર્યો. પૂ. આ. શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજના વિનીત શિષ્યરત્ન બન્યા અને મુનિ શ્રી સુબોધસાગરજી મહારાજ તરીકે ઘોષિત થયા.

દીક્ષા ગ્રહણ કરીને પૂજ્યશ્રીએ સંસ્કૃત, પ્રાકૃત, વ્યાકરણ, ન્યાય, સિદ્ધાંત અને આગમોનો ઊંડો અભ્યાસ કર્યો. શિષ્યરત્નની યોગ્યતા જાણીને સં. ૨૦૧૦ના માગશર સુદ ૩ને દિવસે જૂના ડીસા મુકામે પૂજ્યપાદ ગુરુદેવે તેઓશ્રીને પંન્યાસપદ પ્રદાન કર્યું. પૂજ્યશ્રીએ અનેક ગામો અને નગરોમાં પ્રાભાવિક ચાતુર્માસ કર્યાં. અનેક સ્થળે પ્રાચીન જિનમંદિરોના જીર્ણોદ્ધાર કર્યા; અંજનશલાકા, પ્રતિષ્ઠા, ઉપધાન, ઉદ્યાપન, છ'રી પાલિત સંઘો, શ્રી જિનભક્તિ મહોત્સવ વગેરે દ્વારા અનેકવિધ શાસનપ્રભાવનાનાં કાર્યો સમ્પન્ન કર્યાં. સં. ૨૦૨૩ના જેઠ વદ ૧૦ને શુભ દિવસે રાજનગર–અમદાવાદ મધ્યે શ્રી પંચ પરમેષ્ઠિના તૃતીય પદે–આચાર્યપદે વિભૂષિત થયા. પૂજ્યશ્રીના પાવન પગલે સર્વત્ર જિનશાસનનો જયજયકાર વર્તે છે. પૂજ્યશ્રીની નિશ્રામાં સં. ૨૦૩૭ના વૈશાખ વદ ૩ને દિવસે વિજાપુર મુકામે શ્રી સ્ફુલિંગ પાર્શ્વનાથ તીર્થની સ્થાપના અને ભવ્ય અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાયો. ગત વર્ષે જ બૃહદ્ મુંબઈના હાર્દ સમા પ્રાચીન અને પ્રસિદ્ધ શ્રી ગોડીજી જિનાલયની પુનઃપ્રતિષ્ઠાનો ભવ્યાતિભવ્ય મહોત્સવ પણ પૂજ્યવરના સાન્નિધ્યમાં ઊજવાયો. એવા જ્ઞાની, તપસ્વી, પ્રભાવક આચાર્યશ્રી શાસન–ઉદ્યોતનાં વિવિધ કાર્યો દ્વારા કીર્તિવંત થાઓ એવી શાસનદેવને હૃદયપૂર્વક પ્રાર્થના! અને પૂજ્યશ્રીનાં ચરણોમાં અંતઃકરણપૂર્વક વંદના!

વર્તમાનમાં પૂજ્યશ્રીનો શિષ્ય પરિવાર આ પ્રમાણે છે: ૧. પૂ. પ્રશાંતમૂર્તિ આચાર્યશ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ૦, ૨. પૂ. પ્રવર્તક શ્રી યશકીર્તિસાગરજી મ૦, ૩. પૂ. મુનિવર્ય શ્રી રાજકીર્તિસાગરજી મ૦, ૪. પૂ. મુનિવર્ય શ્રી પ્રસન્નકીર્તિસાગરજી મ૦, ૫. પૂ. મુનિવર્ય શ્રી જયકીર્તિસાગરજી મ૦, ૬. પૂ. મુનિવર્ય શ્રી અજયકીર્તિસાગરજી મ૦, ૭. પૂ. મુનિવર્ય શ્રી વિજયકીર્તિસાગરજી મ૦ આદિ.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org